# આંગળીનાં ટેરવાં પર ગુજરાતી સાહિત્ય...

**આજકાલ વાંચે છે કોણ એ મહેણું ભાંગવા આ ગુજરાતી યુવાને માતૃભાષાની શબ્દસૃષ્ટિને કમ્પ્યુટર પર મૂકી દીધી છે...**

'સમાચાર, કાર્ટૂન, ફિલ્મ, ધર્મ, વિજ્ઞાન, ઈતિહાસ... કેટકેટલા વિષયો પરની ટીવી ચેનલ્સ દિવસે ને દિવસે વધતી જાય છે. આ ચેનલ્સમાં આપણા ગુજરાતી સાહિત્ય અને કવિતાને ક્યાંય સ્થાન નથી મળ્યું. એમાં અધૂરામાં પૂરું, અંગ્રેજી માધ્યમમાં ભણતી આજની પેઢી. ગુજરાતી કવિતા, નિબંધ, વાર્તા, નવલકથા, વગેરે ભુલાતું જાય છે. પુસ્તકો વાંચનારાની સંખ્યા પણ દિવસે દિવસે ઘટતી જાય છે.

આજની પેઢીને ગુજરાતી વાંચતી કરવી હોય તો શું કરવું? એવો વિચાર વડોદરાના એક યુવાન મૃગેશ શાહના દિમાગમાં ઘૂમરાતો હતો અને એનો જવાબ પણ કોઈ ભાષાશાસ્ત્રીને બદલે એણે જ શોધી કાઢ્યો. એ જવાબ એટલે www.readgujarati.com નામની અનોખી વેબસાઈટ.

૨૭ વર્ષનો મૃગેશ આમ તો બેચલર ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન્સનું ભણ્યો છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્સીના અભ્યાસ માટેની એની ત્રણ બુક માર્કેટમાં ખૂબ વેચાઈ છે. વડોદરામાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સી ઑફ ઈન્ડિયામાં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે ફરજ બજાવતા મૃગેશ શાહને ગુજરાતી સાહિત્ય પ્રત્યે ગજબનો લગાવ. એ કહે છે કે થોડા સમય પહેલાં હું એક કાર્યક્રમમાં ગયેલો. પોસ્ટ ગ્રેજ્યુએશન ભણતા વિદ્યાર્થીઓ અલગ અલગ વિષય પર પોતાનું વક્તવ્ય રજૂ કરવાના હતા. એમાંના એક વિદ્યાર્થીએ જૂનાં સૉફ્ટવેર વાપરવાના ગેરફાયદા સમજાવતાં કહ્યું કે જૂનાં સૉફ્ટવેર વાપરવાં એટલે ફિલ્મ અને મ્યુઝિકના જમાનામાં ગુજરાતી સાહિત્યની ચોપડી લઈને વાંચવા બેસવું! એની આ ઉપમા સાંભળી આખો હૉલ ખડખડાટ હસવા લાગ્યો, પણ એની આ વાત મને હાડોહાડ લાગી ગઈ.

ઘેર આવીને મૃગેશે વિચાર્યું કે ગુજરાતી યુવાનો આપણા સાહિત્યની આવી છાપ લઈને જીવે છે? એક જમાનામાં સાહિત્યને સંસ્કારસિંચનનું શ્રેષ્ઠ માધ્યમ ગણાવામાં આવતું એ આજે મનોરંજનનાં સાધનોની તુલનામાં પણ નથી રહ્યું? આવા અનેક સવાલ મનને ઘેરી વળ્યા.



એનો જવાબ મેળવવા મૃગેશે ઘણા ગુજરાતી યુવાનો સાથે વાત કરી અને ગુજરાતી સાહિત્ય વિશે એમની માન્યતા જાણી.

એમાંથી ઘણા યુવાનો પાસેથી મૃગેશને જાણવા મળ્યું કે જાડાં અને દળદાર પુસ્તકો વાંચવાનો એમને બહુ કંટાળો આવે છે. પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરતા અમુક યુવાનોએ વળી એવું કહ્યું કે અમારા ભણવાના હજાર-પંદરસો પાનાંનાં થોથાં ઓછાં છે તે બીજું વાંચીએ? તો કેટલાકે કહ્યું કે અમને વાંચવાનું ગમે છે, પણ ભણવાનું વાંચીને થાકી ગયા હોઈએ ત્યારે અખબારને પણ નથી અડકતા તો પુસ્તકો તો બહુ દૂરની વાત છે! ફિલ્મ જોવી ગમે, મ્યુઝિક સાંભળવું ગમે, મિત્રો સાથે ગપ્પાં મારવા ગમે, પણ ગુજરાતી પુસ્તક વાંચવાનું? ના બાબા, ના...

રડ્યાખડ્યા રસિક જીવોએ ફરિયાદ કરી કે ગુજરાતી અખબારો અને મૅગેઝિન્સની વેબસાઈટમાં ગુજરાતી સાહિત્ય અને કવિતા વિશે બહુ ઓછું આવે છે. કોઈ વાર મિત્રોને પૂછીએ કે હમણાં કયું ગુજરાતી પુસ્તક આવ્યું કે કયું પુસ્તક ખરીદવા જેવું છે તો અનેક લોકો મજાક પણ કરે છે કે કઈ સદીમાં જીવે છે?

દેશ-વિદેશમાં વસતા ગુજરાતીઓને મૃગેશે પૂછ્યું તો એમનો જવાબ હતો કે કોઈ ગુજરાતી અખબારનો ટુકડો પણ વાંચવા મળી જાય તો અમને દેશમાં ફરી આવ્યા જેટલો આનંદ થાય છે. દેશમાં જેટલી સરળતાથી સાહિત્યનાં પુસ્તક મળે છે એટલી સરળતા વિદેશમાં નથી રહેતી આથી જો એવું કંઈક ઑનલાઈન વાંચવા મળે તો મજા પડી જાય.

મૃગેશ કહે છે કે વિદેશમાં વસતી આજની પેઢી પાસે લેપટૉપ અને કમ્પ્યુટર બહુ સામાન્ય થઈ ગયાં છે. આપણે ત્યાં પણ યંગ જનરેશનનું સાઈબર કાફેમાં જવું સામાન્ય બનતું જાય છે. છેવટે મૃગેશે એક વેબસાઈટ શરૂ કરવાનું નક્કી કર્યું: આજે કંઈક સારું વાંચવાનું ન મળ્યું એવી પ્રતીતિ ગુજરાતી યુવાનોને થાય એવી ક્રાંતિ જો કરી શકીએ તો કંઈક કર્યું કહેવાશે.

વેબસાઈટમાં સમાજના દરેક વર્ગને પોતાની પસંદગીનું કંઈક ને કંઈક મળી રહે એનું મૃગેશે ધ્યાન રાખ્યું. વેબસાઈટ સંપૂર્ણપણે ગુજરાતીમાં જ બનાવવાની હતી આથી ગુજરાતી અક્ષરોમાં લખી શકાય એવું સૉફ્ટવેર પણ જોઈએ. શરૂઆતમાં મૃગેશે પોતાની સૂઝ પ્રમાણે લખાણ વેબસાઈટ પર મૂક્યું અને પછી તો વાચકોના પ્રતિસાદ પણ મળવા લાગ્યા.

મિશિગનથી ધર્મેશભાઈ નામના વાચકે એને યુનિકોડ (એક પ્રકારના ગુજરાતી અક્ષર જે કોઈ પણ પ્રકારના કમ્પ્યુટર પર જોઈ શકાય) વાપરવા કહ્યું. એ પછી મૃગેશે વેબસાઈટ નવા અવતારે લોકો સમક્ષ મૂકી. આજે રોજ લગભગ ચારસોથી વધુ લોકો આ વેબસાઈટ વિઝિટ કરે છે. યુક્રેન, યુગોસ્લાવિયા, ઓમાન, કુવૈત, ઑસ્ટ્રેલિયા, અમેરિકા, ઈંગ્લેન્ડ, કેટકેટલાય દેશમાંથી લોકો આ વેબસાઈટ વિઝિટ કરે છે.

અત્યાર સુધીમાં બેતાલીસ હજારથી વધુ વાચકોએ આ વેબસાઈટ વિઝિટ કરી છે. વેબસાઈટમાં સુવિચાર, જોક્સ, સાહિત્ય, સમાચાર, ગઝલ, કવિતા, નિબંધાત્મક લેખો, ચિંતનાત્મક લેખો, વાર્તા, ગુજરાતી ભાષામાં સર્ચ કરી શકે એવું સર્ચ એન્જિન, વગેરે મુખ્ય પાના પર છે. રોજ સવારે સાત વાગે મૃગેશ પોતે જ બધું ટી-ઈન કરે અને વેબસાઈટ અપલોડ કરે. એક પુસ્તક એક લેખ અને એક લેખકને એ લગભગ છ મહિના સુધી રિપીટ નથી કરતો. પોતાના ખર્ચે બુક્સ ખરીદે અને વેબસાઈટ પર મૂકે. ઈન્ટરનેટ, વેબસાઈટને મેઈન્ટેન કરવાનો ખર્ચ પણ એ પોતાના ખિસ્સામાંથી કાઢે છે. જો કે હવે ઘણા લેખક એને પોતાનાં પુસ્તક મોકલતાં થયા છે.

આ વેબસાઈટ મૃગેશને પોતાના સર્જન જેટલી વહાલી છે. આ તરવરિયા અપરિણીતને જીવનસંગિની પણ સાહિત્યપ્રેમી જ જોઈએ છે. મૃગેશ કહે છે કે આખા વિશ્વમાં વસતા દરેક ગુજરાતીને ગુજરાતી સાહિત્ય વાંચતાં કરવું એ જ મારું સપનું છે.

■ **જ્યોતિ** ઉનડકટ (વડોદરા)